ચોપાઇ- પછી કચ્છ દેશથી કૃપાળુ, આવ્યા પંચાળે દીનદયાળુ ।
સંગે લઇને સાધુ બેચાર, પ્રથમ આવીયા દેશ હાલાર ॥૧॥
ગામોગામમાં દર્શન દીધાં, સર્વે જન કૃતારથ કીધાં ।
પછી આવીયા સરધારમાંઇ, હરિભક્ત કાઠી આવ્યા ત્યાંઇ ॥૨॥
પછી ત્યાંથી ચાલીયા મહારાજ, આવી રહ્યા પિપરડીએ રાજ ।
બીજે દિવસે બોટાદ આવ્યા, અદ્દે ભગે ભાવેશું જમાવ્યા ॥૩॥
રહ્યા દિવસ બે કરી મેર, સોમલા ને માંતરાને ઘેર ।
પછી ત્યાંથી આવ્યા કારીયાણી, વરસે મેઘ પડે બહુ પાણી ॥૪॥
વસે ભક્ત ત્યાં માંચો વીરદાસ, રહ્યા તિયાં હરિ ચાર માસ ।
આવ્યા ગઢડેથી હરિજન, જેનાં ત્યાગે સુકાણાં છે તન ॥૫॥
આવ્યા દેશદેશ થકી દાસ, નયણે નિરખવા અવિનાશ ।
આવ્યા વાગડ કચ્છ હાલારી, સોરઠ વાળાકનાં નરનારી ॥૬॥
આવ્યા પાંચાળી ને ઘોલવાડી, ભાલ ગુજરાત ઝાલાવાડી ।
આવ્યો સુરતથી સંઘ વળી, ઘણું રહ્યો છે રંગડો ઢળી ॥૭॥
આવે સહુ લાગે હરિપાય, નાથ નિરખી ત્રપત ન થાય ।
આવ્યા સંત તે સરવે મળી, હતી અમદાવાદે મંડળી ॥૮॥

પછી પ્રભુતણી પૂજા કરી, જમ્યા બહુ સરકરા હરિ ।
સુંદર વસ્ત્ર શામળિયો પહેરી, દિયે દર્શન દાસને લહેરી ॥૯॥
કરે વાત અલૌકિક આપે, સર્વે જનના સંશય કાપે ।
જાય નાથજી નિત્ય તળાવે, જન પાસળ સર ગળાવે ॥૧૦॥
ગાતાવાતા આવે પછી ઘેર, નિત્ય પ્રત્યે થાય લીલાલેર ।
સુંદર ઘોડે ચડે ગિરધારી, થાય ચમર જુવે નરનારી ॥૧૧॥
પછી યજ્ઞ કરાવ્યો મહારાજે, તેડ્યા બ્રાહ્મણ જમવા કાજે ।
થયા તળાવે ચોકા ચાળીશ, ચડી ઘોડે ફરે જગદીશ ॥૧૨॥
જમ્યા બ્રાહ્મણ દક્ષિણા દીધી, પછી સર્વેને શીખજ કીધી ।
સારા સુંદર વરસમાંય, આસોવદિ તેરશ કહેવાય ॥૧૩॥
તેદિ યજ્ઞ કર્યો ભગવાને, દીઠી નજરે નથી સુંણી કાને ।
પછી આવ્યો દિવાળીનો દન, જન પર હરિ છે પ્રસન્ન ॥૧૪॥
દિયે દર્શન દિવસ રાત, વળી ઘણી ઘણી કરે વાત ।
એમ આનંદ ઉત્સવ કરી, પછી સંતપ્રત્યે બોલ્યા હરિ ॥૧૫॥
સંત સાંભળોને સહુ મળી, તમે બાંધો હવે બે મંડળી ।
એક નવાનગરમાં જાઓ, બીજા સુરત શહેર જગાઓ ॥૧૬॥
પછી સંત ગયા બેઉ શહેર, રાખી મૂર્તિ હૃદે રૂડી પેર ।
લટકાળો છોગાળો છબીલો, રાખ્યો સંતે હૃદામાં રંગીલો ॥૧૭॥
તેનું ધરતા અંતરે ધ્યાન, ચાલ્યા સંત થઈ સાવધાન ।
પછી શ્યામળિએ શું શું કીધું, ફરી સહુને દર્શન દીધું ॥૧૮॥
ત્યાંથી વાલો ગયા વઢવાણ, દવે તુલસીનું કરવા કલ્યાણ ।
તુલસી બોલ્યોતો કરૂં જગન, પડ્યો ખોટો ન ખરચાણું ધન ॥૧૯॥
ત્યાંથી ચાલીયા સુંદર શ્યામ, વાલો આવ્યા રામગરી ગામ ।
દીધાં દાસને દર્શન ભાવે, આવ્યા દદુકેથી મછિયાવે ॥૨૦॥
વળી વિછિયાવ્ય મોડાસર, ત્યાંથી આવીયા જેતલપર ।
રહ્યા રાત્ય ત્યાં પૂરણકામ, પછી આવિયા ડભાણ ગામ ॥૨૧॥
વળી પીજ નડિયાદ ગયા, પછી ઉમરેઠે જઈ રહ્યા ।

તિયાં ભક્ત રહે રૂપરામ, પ્રભુ પધારીયા તેને ધામ ॥૨૨॥
રહ્યા સાત દિન સુધી તિયાં, બહુ પ્રતાપ જણાવ્યો ઈયાં ।
થાય ધ્યાન ધારણા અપાર, જોઈ નિશ્ચય કરે નરનાર ॥૨૩॥
પછી યાં થકી શ્યામ સધાવ્યા, આઘા જઈ પાછા વળી આવ્યા ।
કરી મુક્યાંતાં જને ભોજન, તેને ઘેર જમ્યા છે જીવન ॥૨૪॥
દઈ દર્શન ચાલ્યા દયાળ, આવ્યા ચાંગામાં નાથ કૃપાળ ।
ભક્ત નથુ લખે લીધો લાવ, ત્યાંથી આવ્યા રોણ્યગામે માવ ॥૨૫॥
પિરાણાની પિરાઈ વેરાવી, એના મેતને અલફી પહેરાવી ।
પછી મતિયાં મળ્યાં સહુ આવી, રોઈ કાકાની અલફી મુકાવી ॥૨૬॥
ત્યાંથી આવ્યા બોચાસણ ગામ, ભક્ત કાશીદાસજીને ધામ ।
ત્યાંથી વેલ્યે બેસી બહુનામી, આવ્યા બુધેજે અંતરજામી ॥૨૭॥
હવુંતું હઠીભાઈને સ્વપ્ન, થયું તેવાનું તેવું દર્શન ।
ત્યાંથી આવ્યા જેતલપુર વળી, આવ્યાં સહુ દર્શને સાંભળી ॥૨૮॥
બાળ વૃધ્ધ ને જોબન જેહ, આવ્યાં સહુ મળી દર્શને તેહ ।
જન કહે ભલે આવ્યા જીવન, કાલે છે ઉતરાયન દન ॥૨૯॥
તૈયે નાથ કહે તેડો બ્રાહ્મણ, જમે મંગાવીએ ઘૃત મણ ।
પ્રથમ મંડાણ મણથી કર્યું, પછી પુછતાં પાંચસે ઠર્યું ॥૩૦॥
જેમ જેમ પૂછ્યું વળી જને, તેમ તેમ વધાર્યું જીવને ।
મોર્યે નોતરું ને પછી સીધું, એમ યજ્ઞનું પરિયાણ કીધું ॥૩૧॥
એતો છે અતિ પરચાની વાત, તેતો જાણે છે સંત સાક્ષાત ।
એમ નાથે કર્યો નિરધાર, માંડ્યો આરંભ ન કરી વાર ॥૩૨॥
લીધાં ઘી ગોળ ઘઉં દળાવ્યા, તળિયા મોદક મોટા વળાવ્યા ।
કરી લાડવા ભર્યા કોઠાર, બીજો આણ્યો સમાજ અપાર ॥૩૩॥
માંડ્યો જેતલપુરમાં જંગ, આવ્યા બ્રાહ્મણ તેડાવ્યા સંગ ।
રચ્યો મંડપ વેદવિધિએ, કર્યો કુંડ તે હોમવા ઘીએ ॥૩૪॥
ભણે બ્રાહ્મણ મંડપમાંઈ, દિયે આહૂતિ ઘૃતની ત્યાંઈ ।
જપે મંત્ર ને હોમે છે અન્ન, થાય વિધિએ યુક્ત જગન ॥૩૫॥

જમે બ્રાહ્મણ ન રાખે ખામી, જમો ભાયો જમાડે છે સ્વામી ।
જમ્યા જેવા છે મોદક મોટા, ખાઓ ખુબ કરી દેહ ખોટા ॥૩૬॥
જમતાં જમતાં જાય પ્રાણ, તેનાં આપણા કુળમાં વખાણ ।
જમે બ્રાહ્મણ જોરજોરાઈ, અતિમોદ ભર્યા મનમાંઈ ॥૩૭॥
બેસે પંગત્યો ન આવે પાર, જમે વિપ્ર હજારો હજાર ।
જમ્યા જોરે ન ખુટ્યું જમણ, ખાઈ ખાઈને કાયા બ્રાહ્મણ ॥૩૮॥
એમ જમ્યા અષ્ટાદશ દન, પછી પૂરો કરાવ્યો જગન ।
દીધાં દાન દક્ષિણા દયાળે, પાળી વેદવિધિ પ્રતિપાળે ॥૩૯॥
એમ પૂરો કર્યો અતિરુદ્ર, જમ્યા દ્વિજ ક્ષત્રિ વૈશ્ય શુદ્ર ।
કોઈ જમ્યા વિના નવ રહ્યું, આડિ વિના અન્ન બહુ દયું ॥૪૦॥
જમે જન બોલે જેજેકાર, ધન્ય ધન્ય થાય છે ઉચ્ચાર ।
દેશોદેશથી આવ્યાતા જન, નિર્ખિ નાથને થયા મગન ॥૪૧॥
તિયાં પૂછ્યું તું પ્રશ્ન મહારાજે, કરતાં ઉત્તર વિપર લાજે ।
થયાં શ્યામ મુખ સાઈ ઢળી, બોલ્યા નહિ રહ્યા અંતરે બળી ॥૪૨॥
પછી સર્વેને શીખજ દીધી, એવી લીલા શ્રીમહારાજે કીધી ।
પોષ સુદી સપ્તમી છે સારી, હરિજન લેજ્યો હૈયે ધારી ॥૪૩॥
તેદિ પૂરો થયો છે જગન, સર્વે રાજી થયા સાધુ જન ।
દુષ્ટ જાણે નહિ થાય જગન, કર્યો નાથે તે નિરવિઘન ॥૪૪॥
કરી યજ્ઞને જીવન ચાલ્યા, પશ્ચિમદેશમાં દર્શન આલ્યાં ।
સર્વે જક્તમાં જણાણી વાત, કહે સ્વામી શ્રીહરિ સાક્ષાત ॥૪૫॥
એવું સુણી દાઝ્યાં દુરિજન, કહે અજાણે કર્યો જગન ।
નથી ભેખને ખબર ખરી, ત્યારે ગયો એ જગન કરી ॥૪૬॥
હવે ભેખ થાશું સર્વે ભેળા, કેમ કરી એ કરશે મેળા ।
જમરાણ આવશે જમાત્યો, તેદી છે એ સ્વામીજીની વાતો ॥૪૭॥
ખાશું રૂપૈયા એ સારૂં લાખો, પણ પંથ એનો નહિ રાખો ।
એમ પરસ્પર પરિયાણ્યું, એના મનનું મહારાજે જાણ્યું ॥૪૮॥
સર્વે સંત પ્રત્યે કહે હરિ, કરીએ જગન આપણે ફરી ।

પછી હરિજનને તેડાવ્યા, મળી જેતલપુરે તે આવ્યા ॥૪૯॥
રહ્યા દન દો ચાર એ ઠામ, પછી ગયા ખોખરાદ્ય ગામ ।
પરમહંસ સન્યાસી છે સંગે, વીતે દિન આનંદ ઉમંગે ॥૫૦॥
આવ્યા સતસંગી સહુ મળી, થાશે ઉત્સવ એવું સાંભળી ।
નાથ નિર્ખિ સુખી થયા સહુ, દીયે દર્શન પ્રસન્ન બહુ ॥૫૧॥
ગામમાંય તો સંઘ ન માય, ત્યારે બારે સુવા સંત જાય ।
ગાય કીર્તન થાય કિલોલ, આવે દર્શને જન હિલોલ ॥૫૨॥
એમ આનંદ ઉત્સવ થાય, નિત્ય નાવા કાંકરીએ જાય ।
ગાતાવાતા આવે વળી ઘેર, એમ થાય બહુ લીલાલેર ॥૫૩॥
કરે વાત પ્રભુ જ્યારે આપ, તેમાં જણાવે બહુ પ્રતાપ ।
કાંઈક ભૂત ભવિષ્યનું ભાખે, દીયે જણાવી કેડ્યે ન રાખે ॥૫૪॥
કહે જગન કરશું જરૂર, આવું બીજું નથી કોઈ પુર ।
ગામમાંય સંકોચ છે સરે, હોમ થાશે ગામને ગોંદરે ॥૫૫॥
તેતો જાણશે સરવે જન, કહેશે ભલો કર્યો એ જગન ।
એમ કરે હરિ જ્યારે વાત, સુણી જન થાય રળિયાત ॥૫૬॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિવિરચિતે ભક્તચિંતામણિ મધ્યે જેતલપુરે યજ્ઞ કર્યો એ નામે છપ્પનમું પ્રકરણમ્ ॥૫૬॥